## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વૃક્ષ ઝંઝાવાત નહીં ઝીલી શકે
તરણું ઊખડી જાય તો કે'જે મને
જિંદગી તારાથી હું થાક્યો નથી
તું જો થાકી જાય તો કે'જે મને
- ખલીલ ધનતેજવી.

### પાથેય

- રમેશ ઠક્કર

# નાનકડી નજાકતનો નજારો !

કેટલાંક વિસ્મય એમને એમ ધરબાયેલાં જ રહે છે.કોઈ આપણને એના વિશે જણાવે તો આપણી આંખો પહોળી થઈ જતી હોય છે.નાની નાની ઘટનાઓ ઘણી મોટી વાત કરી જાય છે.જગતનો એક નિયમ છે કે સહુ કોઈ પ્રચલિત જે માન્યતાઓ કે માણસો હોય છે એની આસપાસ જ વિચારતા રહે છે..દરેકની પોતાની એક સમજશકિત હોય છે..એની એક સિમિત અનુભૂતિ હોય એ સ્વાભાવિક છે..આપણે બહુ મોટા લોકોની સંઘર્ષકથાઓ કે સાફલ્યગાથાઓ સાંભળી અહોભાવ વ્યક્ત કરીએ છીએ..પંરતુ ઘણીવાર આપણે જેને સામાન્ય કે નાના ગણી નજરઅંદાજ કરતા રહીએ છીએ એવા લોકો પાસે જે જોમ,સાહસ,કે જીવનસમજણ હોય છે એ ગજબ પમાડે એવી હોય છે..ભયંકર ઝંઝાવત કે વાવાઝોડાની થપાટ સામે મોટાં મોટાં વૃક્ષો ધરાશયી થઇ જાય છે..પરંતુ એની સામે કોઈ તુચ્છ લાગતું તરણું અડીખમ બની લ્હેરાતું હોય છે !

કેટલાક માણસોનો જીવનસંઘર્ષ એટલો અદ્દભુત હોય છે કે એ જાણે જિંદગીને પડકાર આપતા હોય એમ લલકાર કરી છે કે આવી જા ગમે તેટલી અડચણો સાથે ! હું નહીં થાકું તું જો થાકી જાય તો કહેજે ! છે ને ખુમારી ? કવિઓ અને સર્જકોમાં આવી ખુમારી સહજ હોય છે..અનેક વ્યથાઓ વચ્ચે પણ એમની સર્જનયાત્રા સતત ચાલતી રહે છે..

સર્જક નાનો હોય કે મોટો મને એનામાં એકસરખી દિલચસ્પી રહેતી હોય છે..ઘણીવાર ઝળહળતી રોશની જેવા સર્જકોની તુલનામાં ઘરદિવડાં જેવા સર્જકો વધારે આનંદ આપી જાય છે..એવું કહેવાય છે કે જેણે એકાદ નાનકડી કવિતા લખી હોય એવો એકલખૂણે બેસીને લખતો કવિ પણ મહાકાવ્ય લખી શકવાની સંભાવના ધરાવતો હોય છે..સર્જકનું કોઇ ગામ નથી હોતું...એ ગમે તે વ્યવસાય,કોઇપણ પ્રદેશ કે કોઇપણ સમાજમાંથી આપોઆપ ઉભરતો હોય છે..જે કોઇ લખે છે એ મારા માટે વિસ્મયનું કેન્દ્ર હોય છે..એને પોંખવામાં હરખપદુડા થઇ જવાની પણ એક મજા હોય છે..

લેખન એવી ચીજ છે કે એ લાંબી સાધના માગે છે..નૈસર્ગિક રૂચિ પણ જરૂરી છે..એ સતત શીખવાની પ્રક્રિયા છે...એટલે કોઇપણ નવલેખક જયારે મને એની કૃતિ બતાવે છે ત્યારે એ પરિપૂર્ણ જ હોય એવી ધારણા હું રાખતો નથી..એ બરાબર વ્યકત થાય એ રીતે હું આત્મીયતાથી એને આવકારૂં છું..આજે નહી તો ભવિષ્યમાં પણ એ કોઇક માતબર સર્જન આપશે એવી ગળાડૂબ શ્રધ્ધા ધરાવું છું..અને એટલે જ નવાસવા લખનારા માટે એક અચરજ આપણામાં સહજ રહેલું હોય છે..

માત્ર સાહિત્ય જ નહીં જીવનના દરેક ક્ષેત્રમાં સામાન્ય લાગતા માણસોની જે શકિતઓ બહાર આવતી હોય છે એ વિસ્મયકારક હોય છે..કુદરતે હૈયું મસ્તક હાથ તમામને આપેલ છે..મોટી લાગતી કોઈ વ્યકિત અન્યની તુલનામાં આપોઆપ નાની જ હોય છે..જગતમાં બધું સાપેક્ષ છે..ઇશ્વર તમામને કોઈક ને કોઈક શકિત આપે જ છે..આવી નાનકડી નજાકત જયારે કોઇ આપણને બતાવે ત્યારે આપણે રોમાંચિત થઈ જતા હોઇએ છીએ !

# ચીનનો ભરોસો કરાય જ નહીં : દેશની શસ્ત્રનીતિ અને શાસ્ત્રનીતિ એનો જડબેસલાક જવાબ છે

**તંત્રીસ્થાનેથી...**

પર્વાધિરાજ પર્યુષણની આ શ્રાવણી સીઝનમાં જ સુદર્શન ચક્રધારી સર્વકાલીન પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કૃષ્ણનું પ્રાગટ્ય પર્વ પણ આવે છે. ભગવાન કૃષ્ણ જૈન પિતરાઈ લેખાયા છે. કૃષ્ણથી મોટો અહિંસક નરપુંગવ થયો નથી કે થવાનો નથી. હિંસા રોકવા એ અઢળક પુરુષાર્થ કરતા રહ્યા, પરંતુ અધર્મ સામે નાછૂટકે ક્યારેક સુદર્શન ચક્ર ચલાવી શિશુપાલ વધ કરવો પડ્યો કે ક્યારેક પાર્થને બાણ ચડાવવા ઉશ્કેરવો પડ્યો અને એનું સારથિપણું સ્વીકારી યુદ્ધનીતિ મુજબ ઘણું 'ખોટું' કરવું પડ્યું. આથી જૈન ધર્મશાસ્ત્રોએ એમને ભવિષ્યના તીર્થંકર બનવા પૂર્વે હાલ પૂરતા નરકમાં રાખી મૂકેલા છે. સ્વામી સચ્ચિદાનંદ ગાઈ વગાડીને કહેતા રહ્યા છે કે હિંદુસ્તાન ગુલામ રહ્યું એનું કારણ અહિંસા અને મોક્ષ જેવી વિભાવનાઓ પ્રત્યેનું વળગણ છે. એથી તેઓ મહાવીર કે ગાંધીની પ્રશંસા કરતાં અચકાય છે. તેઓ સરદાર પટેલને ગાંધીજી કરતાં વધારે મોટા 'મહા પુરુષ' માને છે. જોકે સૌ જાણે છે કે સરદાર માટે ગાંધીજી ભગવાનની લગોલગ હતા. હમણાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે કવિતાનો અખંડ પાઠ મંડાયો ત્યારે એક હિંદી ભાષી કવિએ ગાંધીજી પર બળાપો ઠાલવ્યો તે આપણા પદ્મભૂષણ સ્વામીજી જેવો જ હતો. આ બધું એટલે યાદ આવી જાય છે કારણ કે હવે ભારત સરકારે રશિયા પાસેથી મહા ભયંકર હિંસા વેરી શકે એવા ટીયુ-૧૬૦ બોમ્બર વિમાનો ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી હોવાના વાવડ છે. આ રશિયન બોમ્બર વિમાનની અમેરિકા સુધી ધાક ફેલાયેલી છે. અમેરિકા, રશિયા અને ચીન પાસે આ પ્રકારનાં મહાસંહારક યુદ્ધ વિમાનો છે. ભારત હવે એમની પંગતમાં પાટલો માંડશે. અબજોના ખર્ચે અને અમેરિકા જેવા દુનિયાના જમાદારનો ખોફ કે નામરજી વહોરીને મોદી સરકાર ભારતને આ અણુબોમ્બ વાહક વિમાનથી સજ્જ કરી 'હમ કિસી સે કમ નહીં'નો મેસેજ આપવા માગે છે. અમેરિકાને તો રશિયા સાથેની ભારતની મૈત્રી ધરાર ગમે નહીં. એ તો એમ જ ઈચ્છે કે અન્ય ઘણા દેશોની જેમ ભારત પણ એની જ છત્રછાયા હેઠળ સલામતી અનુભવે. પરંતુ આવડા મોટા દેશને અમેરિકાનું બગલબચ્ચું બની રહેવું પોસાય નહીં. પારકી આશ સદા નિરાશ-વાળી કહેવત મુજબ ભારત પરસ્પર વિરોધી મહાસત્તાઓ સાથે અંગત સંબંધો કેળવતું રહ્યું છે અને તે જ એને ગૌરવવંતું બનાવે છે. એથી જ વિશ્વમાં પાંચ વર્ષ માટે સંપૂર્ણ યુદ્ધ વિહોણું વાતાવરણ જળવાય એ માટે રચાનાર વૈશ્વિક પરિષદમાં નરેન્દ્ર મોદીનું નામ સૂચવાયું છે. ચીન હવે ભુરાટું બન્યું છે. એણે અમેરિકા-ભારત-રશિયાની વિવિધ જુગલબંધી જોયા પછી ભારતની સરહદે ખડકેલાં બોમ્બરો ઉઠાવ્યાં નથી. જાણે છે કે ભારતને બેઉ પરસ્પર વિરોધી સૈન્ય શક્તિઓવાળી મહાસત્તાઓ સહયોગ આપશે. આથી એની વિસ્તારવાદી નીતિનો પડાવ લદાખ કરતાં વધુ તાઈવાન ભણી તાક્યો છે. નહીંતર એણે છમકલાં કરીને અટકી જવાનું ન જ પસંદ કર્યું હોત. એને પાકિસ્તાન તો સતત ઉશ્કેરતું જ રહ્યું છે. જમ્મુ-કાશ્મીર જેવા મુદ્દે એ હરહંમેશ યુનાઈટો નેશન્સમાં પાકિસ્તાનની વકીલાત કરતું રહ્યું છે. એની દાનત તો ભારત પાસેથી લદાખ, સિક્કિમ અને અરુણાચલ સહિત ઘણા પ્રદેશો બલકે નેપાળ અને ભુતાનને પણ 'ઓહિંયાં' કરી જવાની છે. પરંતુ વૈશ્વિક સમીકરણો માંડતાં એ હિંમત નથી કરી શકતું. મોદીએ એમના વધુ પડતા આત્મવિશ્વાસને કારણે પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ કે ચીનના 'શાહુકાર' શી-જિન-પિંગ સાથે દોસ્તીનો ખેલ રચવા પ્રામાણિક પ્રયાસ કર્યો હતો તે સર્વવિદિત છે. ચીને પંડિત નહેરુની જેમ નરેન્દ્ર મોદીને પણ એનું અસલી રૂપ બતાવી દીધું છે. એટલે 'પંચશીલ'ની અહિંસક થિયરી કે બુદ્ધના વારસાવાળાં પ્રવચનો કરતાં કરતાં જ રશિયન મારક શસ્ત્રોના ઓર્ડર આપવાની રાજનીતિ વહેમ જ લાગે. અમેરિકાને પણ એની સમજ પડી ગઈ છે.

# ટૂથ બ્રશીંગ : મોઢાના સ્વાસ્થ્યનું સૌ પ્રથમ સોપાન



**દંત-ચિકિત્સા**
**ડો. બિંદી મિહીર પંડ્યા**

મિત્રો મોઢાની તથા દાંતની સાર-સંભાળ રાખવાનું સૌ પ્રથમ પગથિયું ટૂથબ્રશીંગ છે. બાળપણથી જ પહેલા દાંતના આગમન સાથે જ ટૂથબ્રશીંગ શરૂ કરવામાં આવે તે આદત મોઢામાં વૃધ્ધાવસ્થામાં એક દાંત પણ વધ્યો હોય ત્યાં સુધી યથાવત રહે છે. આજે આપણે આ અંગેના તથ્યો, માન્યતાઓ, તેની યોગ્ય પદ્ધતિ વિશે માહિતી મેળવીએ.

સૌ પ્રથમ ટૂથબ્રશની શોધનો ૧૬૦૦ બીસી માં ચાઈનીઝ શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. સંસ્કૃતિમાં 'દંત કાષ્ઠ' એટલે કે દંત-દાંત અને કાષ્ઠ-લાકડાનો ટુકડો.

આ પ્રકારના ખાસ સાધનનો ઉલ્લેખ છે, જે દાંતને સાફ કરવા વપરાતા હશે. દાંતણના વપરાશ અંગે પણ સૌ કોઈ માહિતગાર હશે, જેમાં લીમડા જેવા ઔષધિય વનસ્પતિના લાકડીના ટુકડાનો ઉપયોગ કરવામાં પણ આવે છે. ત્યારબાદ ઘણી બધી શોધખોળો આ સંદર્ભમાં પણ થઈ. સૌ પ્રથમ સિન્થેટીક ફાઈબરના બ્રિશલ્સ ધરાવતુ ઈલેક્ટ્રિક ટૂથબ્રશ અને બીજું ઘણું બધું વૈવિધ્ય પણ વિકાસ પામ્યું.

**વિવિધ પ્રકારનાં ટૂથબ્રશ**

**ઈલેક્ટ્રિક ટૂથબ્રશ :** આ પ્રકારના બ્રશ બેટરીથી ચાલુ થતા હોય છે. તેનાથી વધુ સારી રીતે અને અસરકારક રીતે બ્રશ થાય તેના શોધ કરવામાં આવી. એને પાવરબ્રશ પણ કહેવામાં આવે છે. તેમાં પણ સોનિક, અલ્ટ્રોસોનિક વગેરે પ્રકારના હોય છે.

**ઈન્ટરડેન્ટલ બ્રશ :** આ સાઈઝમાં નાના બ્રશ હોય છે, જે દાંતની વચ્ચેની સપાટી, બે દાંત વચ્ચે જગ્યા હોય તે જગ્યા સાફ કરવા વપરાય છે. દાંતની વચ્ચેની જગ્યા સાફ કરવા ફ્લોસ પણ વપરાય છે.

**એન્ડ ટફ્ટ બ્રશ :** આ પ્રકારના બ્રશમાં સૌથી ઉપરની સપાટી પર ટૂથબ્રશ બ્રિશલ્સ આવેલા છે. જે ખાસ કરીને દાંતમાં ખૂણાની જગ્યા છે તે સાફ કરવી અઘરી પડતી હોય તે સપાટીની સફાઈ કરવા માટે વપરાય છે.

**બાળકોનું (પીડો) ટૂથબ્રશ :** આ બ્રશ બાળકોના દાંતની સફાઈ કરવા વપરાય છે. તે પણ સાઈઝમાં ઘણા નાના હોય છે. એ બ્રશ બાળકોનાં દાંતને ઘણી સરળતાથી સાફ કરી શકે છે.

**ઓર્થોડીન્ટિક ટૂથબ્રશ :** આ ખાસ પ્રકારનાં બ્રશ હોય છે, જે બ્રેસીસની ટ્રીટમેન્ટ કરાવતા દર્દીઓને માટે ખાસ કરીને વપરાય છે, જેની ખાસ રચનાના કારણે દર્દી સરળતાથી બ્રેસીસની આજુબાજુની સપાટીને સાફ રાખી શકે છે.

**ટૂથબ્રશની સાર-સંભાળ**

ટૂથબ્રશ દરેક વ્યક્તિનું વ્યક્તિગત જ હોવું જોઈએ. કદી પણ કોઈ બીજી વ્યક્તિ સાથે બ્રશ, ઉલ ઈત્યાદિ વહેંચીને વાપરવું ન જ જોઈએ. તે ચોખ્ખાઈની દષ્ટિની સાથે સાથે હિપેટાઈટિસ વગેરે જેવી બીમારી પણ ફેલાઈ શકે છે.

દરેક વખતે વપરાશ બાદ બ્રશને સારી રીતે ધોઈને ચોખ્ખુ કરીને કોરૂ કરીને સ્વચ્છ જગ્યાએ મુકવુ જોઈએ.

**ટૂથબ્રશીંગની પદ્ધતિ**

દાંત સાફ કરવા માટે પણ વિભિન્ન પદ્ધતિઓનો આવિષ્કાર થયેલો છે.

ઘણા દર્દીઓ દાંત પર બ્રશને આડુ મૂકીને ઘસે છે, જે ઘણુ ખોટુ અને નુકશાનકારક નીવડી શકે છે. બ્રશ એ ઉપરથી નીચેની તરફ અથવા સર્ક્યુલર મોશનમાં દરેક દાંત પર ૧૦-૧૫ સેકન્ડ સુધી વ્યવસ્થિત રીતે કરવું જોઈએ. સાથોસાથ મોઢાના દરેક ખૂણામાં પણ બ્રશ પહોંચવું જરૂરી છે. જે દાંતની સ્વચ્છતા માટે અત્યંત આવશ્યક છે.

તો મિત્રો આજના અંકમાં આટલું જ આવતા અંકમાં આપણે ખોટી બ્રશીંગ પદ્ધતિથી થતા નુકશાન, ટૂથબ્રશીંગ વિશેની ભ્રામક માન્યતાઓ ઈત્યાદિ વિશે વિસ્તારપૂર્વક જાણીશું.

# સ્વાતંત્ર્યપર્વના અમૃત મહોત્સવ પ્રસંગે : રાષ્ટ્રીય ભિક્ષુક મણિભાઈ કોઠારીની પાવન સ્મૃતિ



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોર ગુજરાતમાં હતા. દાંડીકૂચ આસપાસનો એ સમય હતો. ગુજરાત તથા ભારતમાં મહાત્માની હાકલને કારણે મુક્તિ માટેનો સંગ્રામ પુરજોશમાં ચાલતો હતો. કવિગુરુ ગાંધીજીને અમદાવાદમાં મળે છે. ગુરુદેવને શાંતિનિકેતન ચલાવવા માટે ગુજરાતના રાજવીઓ તેમજ શ્રેષ્ઠીઓએ સારી એવી મદદ કરી હતી તે જાણીતી વાત છે. ગુરુદેવ ટાગોર મહાત્માને મળે છે ત્યારે તેમને ખબર છે કે ગાંધીજી સારા કામો માટે ફાળો ઉઘરાવવામાં કાબેલ વ્યક્તિ છે. કવિવર આ સંદર્ભમાં ગાંધીજીને પૂછે છેઃ "બાપુ, ફંડ ઉઘરાવવામાં આપ મણિલાલજી કરતા પણ વિશેષ અસરકારક છો? મહાત્મા પોતાની આદત મુજબ વિચારપૂર્વકનો જવાબ આપે છેઃ ફાળો એકત્રિત કરવામાં અસરકારક તો હું ખરો પરંતુ મને પાઇ-પૈસો મળે અને મણિલાલને માણેક-મોતી મળે !" ગાંધીજીએ મણિભાઈને તેમની ફાળો ઉઘરાવવાની ક્ષમતાના કારણે 'રાષ્ટ્રીય ભિક્ષુક'નું બિરુદ આપ્યું હતું. મહાત્માની પોતાના એક સાથી માટેના ભાવથી મણિભાઈ વિશે કેવા શબ્દો વાપરે છે તેમાં મહાત્માની મોટાઈ અને મણિભાઈની પ્રતિભા એ બંને બાબતો એક સાથે સ્પષ્ટ થાય છે. સ્વાભાવિક રીતે જ મહાત્માના મુખેથી આવું બિરુદ પ્રાપ્ત કરનારા મણિભાઈ કોઠારી વિશે જાણવાનું મન થાય. મણિભાઈ સુરેન્દ્રનગર જિલ્લાના હતા. આ જિલ્લાએ આઝાદીના સંગ્રામમાં અનેક વીરોની ભેટ આપી હતી. એમ બનવાનો સંભવ છે કે આ તેજસ્વી સીતારાઓમાંથી કેટલાકને પૂરતી પ્રસિદ્ધિ ન પણ મળી હોય. તેમના નામ બહુ જાણીતા ન પણ હોય. અનેક કારણોસર આવી સ્થિતિ હશે પરંતુ તેનાથી આવા વીરોનું યોગદાન સહેજ પણ ઓછું કે ઉતરતું ગણાશે નહિ. મણિભાઈ કોઠારીને તો ગાંધીજીએ અહોભાવ થાય તેવું પ્રમાણપત્ર આપ્યું. પરંતુ ઘણા એવાં દ્રજેંદ્રય ઙ્ઁઈઈજી હશે કે જેમને જગત ઓળખતું નહિ હોય. મણિભાઈ એ ફુલચંદભાઈ શાહ કે અમૃતલાલ શેઠ(રાણપુર)ની હરોળમાં મૂકી શકાય તેવા મહત્વના સ્વાતંત્ર્ય સેનાની છે.

મણિભાઈ કોઠારીનો જન્મ સાતમી ઓગસ્ટ, ૧૮૯૦ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ભ્રગુપુર ગામમાં થયો હતો. મણિલાલ કોઠારીનું અવસાન ૧૯૩૭માં અમદાવાદમાં થયું. જીવનભર તેઓ દેશની મુક્તિ માટે ઝઝૂમતા રહ્યા. પોતે માતૃભૂમિની મુક્તિનું દર્શન ન કરી શક્યા પરંતુ તેનું સ્વપ્ન અનેક લોકોના મનમાં રોપીને આ જગતમાંથી ગયા.

મહાત્મા ગાંધીએ માર્ચ-૧૯૩૦માં ઐતિહાસિક દાંડીકૂચનો પ્રારંભ કર્યો. દાંડીકૂચ દરમિયાન મહાત્મા ગાંધીની ધરપકડ થશે તેવી એક વ્યાપક માન્યતા હતી પરંતુ તેમ થયું નહિ. દાંડીકૂચનાં અંતે છઠ્ઠી એપ્રિલ, ૧૯૩૦ના રોજ દાંડી પાસેના કરાડીના દરિયાકાંઠેથી મીઠું ઉપાડીને ગાંધીજીએ કાનૂનભંગ કરવો તેમ નિર્ણય થયો હતો. આ દિવસે આખા દેશમાં પણ મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવાનો બાપુનો સંદેશ હતો. મીઠા જેવી સામાન્ય માણસને ઉપયોગી એવી વસ્તુ પર અંગ્રેજ સરકારે આકારો વેરો(ક્રુટ) ઝીક્યો હતો તેની સામેનું બાપુએ આદરેલું આ ધર્મયુદ્ધ હતું. દાંડીકૂચનો નિર્ણય એ અનેક લોકોને ગળે ઉતર્યો ન હતો. તેવા લોકોનું મંતવ્ય એવું હતું કે અંગ્રેજ સત્તાને ખરેખર ઝાટકો આપવો હોય તો વધારે જલદ પગલાં ભરવા જોઈએ. પરંતુ આ દેશના સામાન્ય જનસમુદાયની નાડી પારખવાની શક્તિ મહાત્મા ગાંધીમાં હતી. બાપુ બરાબર જાણતા હતા કે છેવાડાના માણસને પણ સ્પર્શ કરી જાય તેવા મુદ્દા પર લડત થાય તો જ દેશમાં જનજુવાળ પેદા કરી શકાય. ક્રાંતદ્રષ્ટા બાપુ સાચા પુરવાર થયા. સમગ્ર દેશમાં એક નૂતન ચેતનાનો સંચાર થયો. કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ દાંડીકૂચનાં પ્રારંભે લખ્યુંઃ

**આવવું ન આશ્રમે**
**ના મળે સ્વતંત્રતા,**
**જીવવું મુવા સમાન**
**ના યદિ સ્વત્રંતતા.**

એપ્રિલ-૧૯૩૦ની છઠ્ઠી તારીખે જયારે બાપુ મીઠું ઉપાડીને સવિનય કાનૂનભંગ કરે ત્યારે દેશભરમાં આ લડતનો પ્રારંભ કરવાનો નીર્ધાર થયો હતો. ગુજરાતમાં ધોલેરા તથા વિરમગામ એ બંને મહત્વના સંઘર્ષના કેન્દ્રો હતા. ધોલેરાની લડતનું નેતૃત્વ અમૃતલાલ શેઠને સોંપવામાં આવ્યું હતું. વિરમગામ ખાતેની લડાઈ મણિલાલ કોઠારીના સબળ નેતૃત્વમાં ચલાવવાનું નક્કી થયું હતું. આ બાબત જોતા સ્પષ્ટ થશે કે મણિભાઈનું મહત્વનું સ્થાન તે સમયે કોંગ્રેસ તેમજ સંગ્રામસેનામાં હતું. વઢવાણથી મણીભાઈના નેતૃત્વમાં નીકળેલી સંઘર્ષસેના વિરમગામ સ્ટેશન પર પહોંચી. પ્લેટફોર્મ પર મહાત્મા ગાંધીના નામનો બુલંદ જય-જયકાર થયો. કાબેલ તથા યુવાન વકીલ મણીભાઈના નેતૃત્વમાં પંચાવન જેટલા વીરો ફના થવાની તૈયારી સાથે વઢવાણથી નીકળ્યા હતા. વિરમગામમાં એક વિશાળ સરઘસ નીકળ્યું અને વઢવાણથી આવેલા શૂરાઓનું સન્માન થયું. અંગ્રેજ સત્તાનો ભય આ સમયે વિરમગામવાસીઓએ દૂર ફેંકી દીધો હતો. તેઓ ગાંધીના રંગે રંગાયા હતા. યુવાન એડવોકેટ મણિભાઈ હૈયાની લાગણીઓને નિયંત્રણમાં રાખી સ્વસ્થતાપૂર્વક એક પછી એક પગલાં ભરતા હતા. કદાચ કોઈના માન્યામાં પણ ન આવે કે દાંડીકૂચ શરુ થવાના થોડા દિવસો પહેલા જ મણિભાઈના સદગુણી તથા ધર્મપરાયણ પત્નીનું અવસાન થયું હતું. બે નાની દીકરીઓ હતી. તેમનું રુદન પથ્થરને પણ પીગળાવે તેવું હતું. આવાં સંજોગોમાં પણ મણિભાઈ પોતે આપેલા દેશ માટેના કમિટમેન્ટમાં બાંધછોડ કરવા માંગતા ન હતા. સફળ એડવોકેટ તો તેઓ હતા જ. તેમની છટાદાર દલીલો કરવાની શક્તિથી ન્યાયધીશો પણ તેમનાથી પ્રભાવિત હતા. ન્યાયધીશની મોભા તથા સુખસુવિધાવાળી નોકરીની ઓફર તેમણે આઝાદીની લડતમાં ભાગ લઈ શકાય તે માટે એક ક્ષણના પણ વિલંબ સિવાય ઠુકરાવી હતી. ગાંધીના ગોવાળ મણિભાઈ મહાત્માના માનીતા સાથી હતા.સાતમી ઓગસ્ટ, ૧૮૯૦ના રોજ મણિભાઈનો જન્મ થયો હતો. આથી આ સમય તેમનું સ્મરણ વિશેષ રીતે કરવાનો છે. ૧૯૩૭ના ઓક્ટોબરમાં તેઓ ગયા. મહાત્મા ગાંધીએ હરિજનબંધુના ૧૯-૧૦-૩૭ના અંકમાં પ્રિય સાથીને અલવિદા આપતા કહ્યુંઃ

"મણિભાઈની ખોટ એમના કુટુંબને લાગે જ પરંતુ બીજા અનેક સેવાના ક્ષેત્રોમાં તેમની ગેરહાજરી ઘણાં કાળ સુધી જણાયા વિના નહિ રહે. ઈશ્વર એમના આત્માને શાંતિ બક્ષે."

મહામુલા મણિભાઈની સ્મૃતિને વંદન કરવાનો આ સમય છે.

# મુસીબતોના મધપુડા વચ્ચે મ્હોરી ઉઠેલો એક સર્જક...



**સંવેદનનું સ્ટેટસ**
**રમેશ ઠક્કર**

માથા ઉપર દુઃખનાં ઝાડવાં ઉગવાં એટલે શું ? એ તો જેણે વેઠયું હોય એ જ જાણી શકે..મને એક વરિષ્ઠ લેખક અવારનવાર પુછે છે 'તમે લખો છો પણ તમારા ઘાવ ક્યાં છે..?" કદાચ અર્નેસ્ટ હેમિંગ્વેનું આ વાકય છે..શબ્દ એ દર્દમાંથી ટપકતો સ્રાવ છે..વેદનાનું એક કવચ હોય છે સર્જકની આસપાસ....કેટલાક લોકો આજીવન દુઃખી હોય છે..મુસીબતો જાણે એમની સાથે જીવવાના કોલ લઈને આવી હોય છે..વઢિયાર પંથકમાં આવા દુઃખી લોકો માટે શબ્દ છે બાળોતિયાનો બળેલો..! એવું કહેવાય છે કે મુશ્કેલીઓ પણ ઘર ભાળી જતી હોય છે..આપણી આસપાસ જે લોકો સીધા હોય સજ્જન હોય કે લાગણીશીલ હોય એવા લોકો જ વધારે હેરાન થતા હોય છે..ફૂલડાં ડૂબી જાય અને પથ્થરો તરી જતા હોય એવી ઘટનાઓ સહજ જોવા મળે છે..દરેક ક્ષેત્રમાં આવું હોય છે..આજે આપણે સર્જકો અને મુસીબતોના સંબંધની વાત કરવી છે.

ગુજરાતી સાહિત્યમાં આપણે જોસેફ મેકવાન કે પન્નાલાલ પટેલનું જીવન જોઈએ તો લાગે કે એમના માથે વિપતનાં ઝાડ નહીં આખેઆખાં જંગલ ઉગી ગયેલાં..જેને પીડાનો અનુભવ હોય એ જ લખી શકે..માણસની પાસે અભાવો ઝીલવાની શકિત હોય અને પૂરતી સંવેદના સાથે એ લખવાનું શરૂ કરે તો ઉત્તમ કૃતિઓ રચાતી હોય છે..દરેક પ્રદેશના સાહિત્યમાં જે સર્જકો અભાવો કે પીડાનો સામનો કરી લેખન કરતા રહ્યા છે એમનું આલેખન લોકોને સ્પર્શી જાય એવું હોય છે.

ભારતીય કથાજગતમાં એક લેખક એવા છે જેને માટે મુશ્કેલી એ જ જાણે જીવન હતું..કોઈ માણસ કેટલું સહન કરી શકે ? એ જાણવું હોય તો લેખક રમેશચંદ્ર મટિયાની "શૈલેષ' નું જીવન જાણવું પડે...એ હિન્દીના ખ્યાતનામ લેખક જન્મ ૧૪ ઓક્ટોબર ૧૯૩૧ અને મૃત્યુ ૨૪ એપ્રિલ ૨૦૦૧..૬૯ વરસનું એમનું આયખું એટલે પારાવાર દુઃખોનું સરોવર...આ લેખકની જિંદગી જાણે દુઃખો સહન કરવા જ સર્જાઇ હોય એવું લાગે..

લેખક શૈલેષ મટિયાનીએ ૩૦ નવલકથાઓ,૩૭ વાર્તાસંગ્રહો,૧૫ નિબંધસંગ્રહો અને ઢગલાબંધ બાળસાહિત્યનાં પુસ્તકો લખ્યાં છે..આટલું પ્રચુર લેખન એમણે કેવા સંજોગોમાં કર્યુ એ જુઓ..એમનો જન્મ ઉત્તરાખંડના દુર્ગમ કુમાઉ જિલ્લાના નાનકડા ગામમાં થયો હતો..બાર વરસની સગીર વયે જ મા અને બાપ બંને ગુમાવી નિરાધાર બન્યા..માંડ પાંચ ચોપડી ભણ્યા..મટનની દુકાનમાં ખાટકી તરીકે કામ કરતા રહ્યા..ગટરો સાફ કરી..ઘરકામ કર્યું..કાકા અને સંબંધીઓને ત્યાં અનાથ જેવું જીવતાં સત્તર વર્ષની ઉંમરે ફરી નિશાળે બેઠા..હાઈસ્કૂલ સુધી પહોંચતાં જગતની થપ્પડોથી ચહેરો પરિપકવ બની ગયો..અને એકલતામાં સહારો બન્યા શબ્દો..આ રીતે શરુ થઈ એમની શબ્દયાત્રા..

માંડ માંડ એક છોકરી સાથે પ્રેમ થયો..લાગણી માટેનો જાણે દરવાજો ખુલ્યો..અહીં કિસ્મત ફરીથી આડું ફાટ્યું.એ પ્રેમમાં પણ ધરાર નિષ્ફળતા જ મળી..એના આઘાતમાં વ્હાલું વતન છોડ્યું..અજાણ્યા શહેર દિલ્હીમાં ગરીબ કિશોર તરીકે પહોંચી ગયા..ફુટપાથ ઉપર રહયા..નાની મોટી નોકરી કરી..પ્રેમ અને લાગણી શોધતા રહ્યા..મળતી રહી વિકરાળ વિટંબણાઓ..એ પછી ઈલાહાબાદ ગયા..સડકો ઉપર મજુરી કરી..એક તબક્કે ભીખ માગીને ગુજરાન ચલાવ્યું..આમ છતાં ગરીબી છુટી નહીં..મુંબઈમાં લંગર અને સદાવ્રતોમાં ઉભા રહી પેટ ભરતા રહ્યા..કયારેક પોલીસનો માર ખાતા રહ્યા..જેલની સફર પણ કરી.. અભાવો રખડપટ્ટી અને કાળઝાળ વાસ્તવભરી દુઃખદાયી સફરમાં લખવાનો શોખ રાહત આપતો હતો..

એમણે વેઈટર તરીકે પણ કામ કર્યું..રામા તરીકે, ઘરઘાટી તરીકે, વાસણ કચરાપોતાં પણ કર્યા..એક ટંક જમવાના બદલે વાર્તાઓ લખતા..વાર્તાઓ લોકો વાંચે કે છપાય એવી કલ્પના પણ ના થઈ શકે એવું જીવન હતું..એક ખ્યાતનામ વાર્તા સામયિકની ઓફિસ સામેની ફૂટપાથ ઉપર એ રહેતા..એ જ સામયિકમાં એમણે વાર્તા મોકલી અને એ છપાઈ..કોણ માને? એક ભિખારી લેખક હોઈ શકે ? પણ આ હકીકત હતી..પણ શૈલેષ મુસીબતો સામે મકકમ હતા..

ધીમે ધીમે લેખક તરીકે નામના મળતી રહી..એમાંથી આવક પણ થવા લાગી..નામના મળતી રહી.આમછતાં પેટ ભરવાનાં ફાંફાં તો ચાલુ જ હતાં..ગરીબી અને અભાવો જાણે આ લેખકનો પીછો જ છોડતાં ન હતાં..અભાવો એ એમની પાસે અણગમતાં કામો પણ કરાવ્યાં.કદીક

મજબુરીવશ ગુનાહિત કૃત્યો પણ એમનાથી થયાં..અપરાધીઓ સાથે એ રીતે પનારો પડ્યો..એક જગ્યાએ બ્લડ ડોનેટ કરી ખાવાનું મેળવ્યું એવા દિવસો પણ જોયા..એમની વ્યથાની કથા લાંબી અને હદયદ્રાવક છે.

લખતાં લખતાં છેવટે એક પ્રકાશક મળ્યા..અને પછી નવલકથાઓ શરૂ થઈ..એમાંથી કમાણી થવા લાગી.

આર્થિક મોરચે જરાક રાહત થઈ..જિંદગીના ઘાવમાંથી એમના શબ્દો પ્રગટતા..એમની કલમમાં એક કશીશ હતી. એક માતબર ઉપન્યાસકાર તરીકે હિન્દી જગતમાં એમનું નામ અંકિત થતું ગયું..એમની ગણના પ્રેમચંદ પછીના ઉત્તમ હિન્દી લેખક તરીકે થાય છે..ઘણાના મતે એ મૅક્સિમ ગોર્કી કે દોસ્તોયેવેસ્કીની કક્ષાના લેખક છે..વ્યથાઓ વચ્ચે એમની પ્રતિભાનો નિખાર થયો હતો..વાચકોને એમની રચનાઓ બેહદ ગમતી રહી.

એ પછી નવી વિટંબણાઓ શરૂ થઈ. લેખનને કારણે કેસો થયા. કોર્ટ કચેરીના અનુભવો..અવહેલના અને સતત દોડધામ થતી રહી..અમુક લોકો તરફથી ઉપહાસ પણ થતો રહયો.એ પછી માંડમાંડ કુટુંબ વસાવ્યું..સુખની જરીક લ્હેરખી આવી ત્યાં યુવાન પુત્રનું આકસ્મિક મોત એમને હલબલાવી ગયું.પત્નીના અવસાન પછી એ પછી વિધુર બની ગયા...ફરી એકલા થઈ ગયા..એકધારી મુસીબતોએ એમને પાગલ બનાવી દીધા..લખતાં લખતાં અંતે એ ગાંડપણપનો શિકાર બની ગયા..કરૂણતાનો એક અવસાદ એમને ઘેરી વળ્યો.

જાતજાતની અનેક બિમારીઓ એમને ઘેરી વળી..વૃધ્ધાવસ્થાની કારમી એકલતા પણ ઘેરી વળી..બાળપણથી લઈ જીવનના અંત સુધી એ જ ગરીબી અભાવો અને ભયાનક અસલામતીએ એમને ભાંગી નાખ્યા..

એ એક સફળ લેખક જરૂર હતા પણ લેખનની એ ઈમારતના દરેક ખંડ અવનવી મુસીબતોથી ભરેલા હતા..ગુમનામીમાં મૃત્યુએ આપેલું આલિંગન એ કદાચ એમના જીવનનો એકમાત્ર હાશકારો હતો..!